# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24/09/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આજે અમદાવાદમાં મુખ્યમંત્રીના હસ્તે 583 કરોડ કરતાં વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાશે.**
2. **સુરતમાં શાંતિપૂર્વક અને સલામત રીતે ગણેશ વિસર્જન થાય તે માટે પોલીસ તંત્ર સજ્જ.**
3. **રાજકોટમાં ગણશે વિસર્જન દરમિયાન ડૂબી જવાથી ત્રણનાં મોત.**
4. **સૌરાષ્ટ્રના છુટાછવાયા સ્થળોએ વરસાદની આગાહી.**
5. **IIT ગાંધીનગરના વિદ્યાર્થીઓએ વોટર પ્લાન્ટ્સ પર સાયબર હુમલા રોકવા માટે વિકસાવેલી AI સિસ્ટમને બીજું ઇનામ મળ્યું.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# CM – AHEMEDABAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત આજે અમદાવાદમાં **583.85** કરોડના વિવિધ વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ, ખાતમુહૂર્ત અને નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્ર એનાયત કરશે.

મુખ્યમંત્રી **279.80** કરોડના ખર્ચે નિર્મિત વાડજ જંકશન – ફોર લેન ફ્લાયઓવર બ્રિજ, વેજલપુર – ફોર લેન રેલવે ઓવરબ્રિજ અને થલતેજમાં **329 EWS** આવાસોના સહિતના **6** વિકાસકામોનું લોકાર્પણ કરશે. આ સાથે **304** કરોડના ખર્ચે વિવિધ વિસ્તારોમાં **6** કામના ખાતમુહૂર્ત પણ કરાશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે સહાયક ટેકનિકલ સુપરવાઇઝર અને જુનિયર ક્લાર્કને નિમણૂક પત્ર એનાયત કરાશે.

# CM PAK SANRAKSHAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં **GSFC**ના પાક સંરક્ષણને લગતા નવા સાત ઉત્પાદનોનું લોંચીંગ કરતાં કહ્યુ કે, આ ઉત્પાદનો પાક સંરક્ષણના ક્ષેત્રમાં એ મહત્વપૂર્ણ પગલું છે.

ખેડૂતની સમૃદ્ધિથી કૃષિ સમૃદ્ધિ અને કૃષિ સમૃદ્ધિથી ગ્રામ્ય અર્થતંત્ર મજબૂત બનાવી અર્થવ્યવસ્થા સુદ્રઢ કરવાની નેમ વ્યક્ત કરતાં મુખ્યમંત્રીએ કહ્યુ હતું કે, **GSFC**ના આ નવા જંતુનાશક ઉત્પાદનો ખેડૂતોના પાકના રક્ષણ અને તેમની મહેનતને સાર્થક કરવા માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે.

**BYTE: BHUPENDRA PATEL, CM**

# SURAT GANESH VISARAJAN

સુરત શહેરમાં આવતીકાલના રોજ **90** હજાર જેટલી મૂર્તિઓનું **21** કુત્રિમ તળાવ અને **3** કુદરતી ઓવારા ખાતે વિસર્જન કરાશે. આ માટે પોલીસે સલામતીની ચુસ્ત વ્યવસ્થાનું આયોજન કરી લીધુ છે.

ગણેશ વિસર્જન સમયે તકેદારીના ભાગરૂપે **500**થી વધુ પોલીસ અધિકારીઓ, **5800**થી વધુ પોલીસ કર્મીઓ, **4000** જેટલા હોમગાર્ડ જવાનો તૈનાત કરાશે. **SRP**ની **11** કંપનીઓ, **1469 TRB** કર્મીઓ પણ હાજર રહેશે. વિશેષ કરીને **RAF**ની **2**, **CISF**ની **1** અને **BSF**ની **1** ટુકડી પણ ખડે પગે તૈનાત રહશે તેમ સુરતના ઇન્ચાર્જ પોલીસ કમિશનર વાબાંગ જામીરે જણાવ્યુ હતું.

**BYTE- WABANG JAMIR, IN-CHARGE POLICE COMMISSIONER**

# RAJKOT DEATH

રાજકોટમાં જીયાણા ગામ પાસેના જળાશયમાં ગણેશ વિસર્જન દરમિયાન ડુબી જવાથી પિતા-પુત્ર સહિત 3 ના મોત થયાં છે.

વિસર્જન દરમિયાન 5 લોકો ડૂબ્યા હોવાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ ઊંડા પાણીમાંથી આ વ્યક્તિઓને બહાર કાઢ્યા હતા. જેમાં ત્રણના મોત થયાનું જાહેર કરાયું હતું. ફાયર અધિકારી શાહબાજ ખાને વધુ માહીતી આપી.

**BYTE: SHAHBAJ KHAN, FIRE OFFICER**

# SEVA SANKALP ABHIYAN

રાજયભરમાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. જે અંતર્ગત જામનગરમાં ગઇકાલે યોજાયેલી સર્વરોગ નિદાન અને રક્તદાન શિબિરમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત **CSR** અંતર્ગત જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિવિધ વિસ્તારો તેમજ મોરબીની આંગણવાડીઓમાં સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

મહેસાણામાં યોજાયેલ નિદાન કેમ્પમાં ખેરાલુ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે 217 દર્દીઓએ, જ્યારે ઉનાવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે 180 દર્દીઓએ આરોગ્ય સેવાનો લાભ લીધો.

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત મોરબી કલેકટરે વધુ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો...

## BYTE - SWAPNIL KHARE MORBI COLLECTOR

સાબરકાંઠાના પાનોલ અને માથાસુર ગામમાં અંબાજી પદયાત્રા માર્ગ પર સફાઇ ઝુંબેશ હાથ ધરાઈ હતી.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................................

# SEVA SANKALP - PM JANMAN

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. તે નિમિત્તે સેવા સંકલ્પ અભિયાનની અમારી વિશેષ શ્રેણીમા આજે આપણે વાત કરીશું પીએમ જન મન યોજના વિશે..**

## VOICEOVER: SANSKRIT BHUNDIYA

*(નવેમ્બર 2023માં શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન એટલે કે PM-JANMAN હેઠળ દેશના 75 સંવેદનશીલ આદિજાતિ જૂથો એટલે કે - PVTG વિકાસના હાંસિયામાં ન રહે તે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. 9 મંત્રાલયોની સહભાગિતા સાથે આદિજાતિના લોકોને આવાસ, પીવાનું પાણી, વીજળી, રસ્તા, આરોગ્યસંભાળ, પોષણ, શિક્ષણ અને આજીવિકા સહિતના લાભો અપાઈ રહ્યા છે.*

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આ યોજના દ્વારા, આજે દેશના વિકાસથી વંચિત આદિવાસી વિસ્તારો સુધી વિકાસકાર્યો પહોંચી રહ્યા છે.*

***BYTE: PM MODI***

*આ યોજના હેઠળ ડાંગના લાભાર્થી કમલબેન ભોયને પાકું આવાસ બનાવવા નાણાકીય સહાય મળતા તેમણે સરકારનો આભાર વ્યકત કર્યો હતો.*

***BYTE – KAMALBEN BHOY***

*પીએમ જનમન યોજના વિકસિત ભારતની યાત્રાના કેન્દ્રમાં સૌથી સંવેદનશીલ આદિવાસી સમુદાયોને રાખીને યોજનાઓનો સીધો લાભ પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. સંસ્કૃતિ ભૂંડીયા, આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# BAMS, BHMS ADMISSION

રાજ્યની એડમિશન કમિટી દ્વારા શૈક્ષણિક વર્ષ **2026-27** માટે આયુર્વેદ **(BAMS)** અને હોમિયોપેથી **(BHMS)** સ્નાતક કક્ષાના પ્રવેશ માટેના પ્રથમ ઓનલાઈન રાઉન્ડનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે.

પ્રથમ રાઉન્ડના એલોટમેન્ટ અંતર્ગત સ્ટેટ ક્વોટા અને **15** ટકા ઓલ ઈન્ડિયા ક્વોટા મળીને કુલ **4558** ઉમેદવારોને બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. પ્રથમ રાઉન્ડની ફાળવણીના અંતે **1456** જેટલી બેઠકો ખાલી પડી છે.

# SURAT MARG MAKAN MANJURI

રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા સુરતના કામરેજમાં **11.40** કરોડના ખર્ચે ચાર નવા રસ્તાના કામો મંજૂર કરાયા છે, જેમાં પાલી મોટા રોડ અને ઉભેળ માંકણા કેનાલ રોડ સહિતના રસ્તાના કામોનો સમાવેશ થાય છે.

આ વિકાસ પ્રકલ્પોની મંજૂરી મળતા સ્થાનિક રહીશોને અવર-જવરમાં પડતી મુશ્કેલીઓમાંથી રાહત મળશે, તેમજ વાહનવ્યવહાર વધુ સુરક્ષિત અને ઝડપી બનશે.

# AMC DRIVE

અમદાવાદ મહાનગર પાલિકા વિસ્તારમાં ટ્રાફિકને નડતર રૂપ પાર્ક થયેલા વાહલો અને ગેરકાયદે દબાણ દૂર કરવાનું સઘન અભિયાન હાથ ધરાયું છે, જે અંતર્ગત પાલિકા દ્વારા ઉત્તર પશ્ચિમ ઝોન, એસ્ટેટ અને નગર વિકાસ ખાતા દ્વારા ડમરું સર્કલ, કારગીલ પેટ્રોલ પંપ, હાઇકોર્ટ, ગોતા ચાર રસ્તાથી લઇને  વસ્ત્રાપુર તળાવ સહિતના વિસ્તારોમાં 37 વાહનોને લોક કરીને દંડ વસૂલાયો હતો.

જ્યારે થલતેજ, ચાંદલોડિયા અને ગોતા વિસ્તારમાં ગેરકાયદે દબાણો મોટા પ્રમાણમાં દૂર કરાયા હતા. તેમજ દબાણકર્તા પાસેથી વહિવટી ચાર્જ વસલૂ કરાયો હતો.

# WEATHER

આગામી 7 દિવસ ગુજરાતમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી છે. આગામી 3 દિવસ સૌરાષ્ટ્રમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી છે. આજે દક્ષિણ ગુજરાતમાં વાવાઝોડુ આવે તેવી આગાહી કરવામાં આવી છે. દરિયાકાંઠા ભારે પવન ફૂંકાશે.

કચ્છના અમુક વિસ્તારોમાં ચોમાસાની વિદાય શરૂ થઈ છે. કચ્છમાં હવામાન સૂકું બની ગયું છે. રાજ્યમાં સામાન્ય કરતા 7 ટકા ઓછો વરસાદ નોંધાયો છે. અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના હવામાન વિભાગના વડા ડોક્ટર એ કે દાસે વ્યક્ત કરી છે.

રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન આઠ તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. ભરૂચમાં વહેલી સવારે ધુમ્મસને પગલે દ્રશ્યતા ઘટી જતાં વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

# IIT GANDHINAGAR

**IIT** ગાંધીનગરના વિદ્યાર્થીઓએ વોટર પ્લાન્ટ્સ પર સાયબર હુમલા રોકવા માટે **AI** સિસ્ટમ વિકસાવી છે. શાંઘાઈમાં ઇન્ટેલની ગ્લોબલ ડિઝાઇન સ્પર્ધામાં આ સિસ્ટમે બીજું ઇનામ જીત્યું છે. **IITGN**ના વિદ્યાર્થીઓએ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ અને મહત્વપૂર્ણ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સુરક્ષા માટે **AI**-આધારિત સાયબર સિક્યોરિટી સિસ્ટમ, **'ટ્રસ્ટગેટ (TrustGate)'** બનાવી છે.

ટ્રસ્ટગેટ**(TrustGate)** નેટવર્ક ટ્રાફિક અને ફિઝિકલ સેન્સર ડેટાને જોડીને હુમલાઓને ડિટેક્ટ કરે છે, ક્ષતિગ્રસ્ત ઉપકરણોની ઓળખ કરે છે અને પ્લાન્ટ ઓપરેટરોને રીઅલ-ટાઇમમાં ઉપયોગી માહિતી પૂરી પાડે છે.

આઇઆઇટી ગાંધીનગરની મિલૌની ઠક્કર અને મિતવા ગોસ્વામીએ આ સિધ્ધિ હાંસલ કરી છે. જે ઘણ જ ઉપયોગી સાબિત થશે.

# SAHAKARI WORKSHOP

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદના ઉપક્રમે રાજ્યની જુદી જુદી કૉલજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે સહકારી ક્ષેત્રે યુવાનોની ભાગીદારી વધે તે માટે "કો-ઓપ. કનેક્ટ અને સહકારથી સમૃદ્ધિની સમજ" વિષય વસ્તુને ધ્યાનમાં રાખી યુવા સહકારી સેમિનાર – **2026,** અમદાવાદ ખાતે યોજાયો હતો.